# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૧૧

**સલામી સવારની..**

ભભરાવે ભાષણે ભાવ પ્રજા ભ્રાંત થઇ જાય છે!
મળે મફતમાં લાભ, લોભ સંક્રાંત થઇ જાય છે
દેખાય છે દાંત હાથીના, ચાવવાના હોય છે અલગ -
કરાવી ખૂબ ઉજાગરા, સપનાં શાંત થઇ જાય છે..
(ઉમેદવારી નિશ્ચિત,)

**હાઇકુ**

ચૂંટણી ઘાણી,
અદાણી-અંબાણીનું
પિલાસે તેલ..
(ચૂંટણી ફંડ)

સાંપ્રદાયિક
હિંદુત્વ મ્હોરાં પર,
લાગી મ્હોર...
(સંઘ, મોદીજીને અભિનંદન)

## ચિંતન

**ન કશ્ચિચંડ કોપાનામાત્મીયો નામ ભૂભૂજામ્ ।**
**હોતારમપિ જુહાંત સ્પૃષ્ટો દહતિ પાવકઃ ॥**

પ્રચંડ ક્રોધવાળા અને ક્રોધી-ઉશ્કેરાટવાળા સ્વભાવના રાજાની ગમે તેટલા નજીકના-આત્મીય સંબંધ હોય પણ એ કોઇનો આત્મીય હોતા નથી. માત્ર પોતાના હેતુ-સ્વાર્થ-માટે જ ઉપર છલ્લી લાગણી પ્રેમ-દર્શાવે છે. બાકી, પોતાની ગરજ-સ્વાર્થ ટળે, પૂર્ણ થાય ત્યારે તેને કોઇ પણ નજીકની વ્યક્તિ ખલેલ કર્તા જ લાગે છે, અગ્નિમાં હોમાત્મક હોમી અને અગ્નિને પોષણ આપનાર હાથ જો અગ્નિને નજીકથી સ્પર્શ કરી લે તો દઝાડે જ છે ત્યારે અગ્નિ પોતાના સ્વભાવ મુજબ જ વર્તે છે એવું ન વિચારે કે આ તો આપણને પોષક તત્ત્વો આપે છે તે કે તેના હાથ છે એને દઝાડાય એવો વિચાર ‘અગ્નિ’ કરતો નથી.’

પ્રકૃતિ-સ્વભાવમાં પરિવર્તન લાવવું ખૂબ જ કઠિન છે - ઉગ્ર સ્વભાવના ક્રોધી લોકોને મદદરૂપ થતા પોતાના પરિવારજનો પર જ દ્વેષ-શંકા કરી તેમનો દ્રોહ કરે છે અને પોતાના સ્વભાવની આંચથી કુટુંબીજનોના હૃદય દુભવે છે.

ક્રોધી-ઉગ્ર, સ્વભાવવાળાને કોઇ જ આત્મીય-પોતાનું એવું કોઇ હોતું નથી. બધાની સાથે બગાડી સંબંધો કાપી એકલો દુખમાં ડૂબેલો બેઠો હોય છે. એનો સ્વભાવ જ પોતાની આસપાસનાંને દઝાડવાનો જ હોય છે.

## સુવિચાર

- જે શિખ્યા વિના થાય તે સાચું ‘જ્ઞાન’ અર્થાત સ્વાભાવિક રીતે થઇ જાય. જે પ્રયોજન વિના થાય તે જ સાચો ‘પ્રેમ’. જે કર્યા વિના થાય તે સાચો ‘ત્યાગ’ કેમ કે સાચો ત્યાગ કરવો પડતો નથી, થઇ જાય છે **- માનસ સૂત્ર**
- ઇચ્છાઓની નિવૃત્તિ પહેલા પ્રાણ છુટી જાય તો ‘મૃત્યુ’ થયું કહેવાય, ફરી જન્મ લેવો પડશે અને શરીર છુટે તે પહેલાં ઇચ્છાઓ નિવૃત્ત થઇ જાય તો મુક્તિ મળી ગઇ કહેવાય **- ધર્મસૂત્ર**
- આત્મ વિશ્વાસ ભરપૂર હોય અને મધદરિયે વહાણમાં કાણું પડે તો પણ કાંઠે પહોંચી શકાય છે **- ઇટાલીયન કહેવત**
- ઊંચું ધ્યેય પ્રાપ્ત કરવા માટે તેના માર્ગો પણ શુદ્ધ હોવા જોઇએ **- ગોપાલ ગોખલે**
- તમે માત્ર નસીબને શોધતા હશો તો તક ને ઓળખવી મુશ્કેલ છે **- સંત રોબિન**
- જ્યાં સુધી દેખાય છે ત્યાં સુધી તો જાણો.. ત્યાં આગળ જતાં જ આગળનો રસ્તો જરૂર દેખાશે જ **- એડીસન**
- તમારી ભીંતર ઝાંખીને જુઓ, તેમાં શક્તિનો અઘધ ધોધ હંમેશા ઘુઘવતો હોય છે, જો તમે ત્યાં તેની શોધ કરો તો **- અમર્ત્યસેન**

## બોધ કથા

આપણામાં રાષ્ટ્રીયતા-મારો દેશ-મારૂં ગૌરવનો રાષ્ટ્રપ્રેમ નથી દેશ પ્રત્યેની દાઝ હોય તો જ રાષ્ટ્રપ્રેમની ભાવના હૃદયમાં જાગે - આમાં મારૂં કંઇ નથી ‘સરકાર’નું છે એવી દૃષ્ટિથી આપણે ફરજ-કર્તવ્યો ‘વેઠ’ની જેમ બજાવીએ છીએ. દેશદાઝ માટે હૈયામાં-હૃદયમાં ‘મમત્વ’ ભાવ જાગવો જોઇએ. ‘આપણું ગુજરાત’ ‘આમચા મહારાષ્ટ્ર’ની તીવ્ર લાગણી કેવી છે?!

હું સરળ એક્સીલેટરથી ચાલે એવી સ્કૂટી ચલાવતો હતો. બિમાર પડ્યા પછી ડોકટરે ટુ-વ્હીલર ન ચલાવવાની સલાહ આપી જે ઘરે આવતાં આદેશમાં ફેરવાઇ ગઇ.

હવે એ વાહન પૌત્રના હાથમાં આવ્યું. સ્કૂલ-ટ્યુશનમાં ફરવા લાગ્યું. પણ પંક્ચર, યાંત્રિક ખામી, પેટ્રોલની જવાબદારી મારા પર જ રહી - પછી એનો (પૌત્રનો) જન્મ આવ્યો એટલે મેં જરા દાદાગીરી ચાલ રમી કહ્યું મારા તરફથી સૌથી મોંઘી ભેટ તને આપું છું. ત્રીસ હજાર રૂા. સ્કૂટી હવે તારૂં..

- દૃષ્ટિકોણ બદલાયો જેને કોઇ’દિ કપડું ન ફેરવે એ વાહનની સાફસફાઇ જાય, ફૂલ ટાંકી પેટ્રોલ ભરાઇ ગયું. વાહન તરફ મમત્વનો ભાવ જાગ્યો.

આપણે વિરોધમાં બસોના કાચ તોડીએ, આગ લગાડી ભાંગફોડ કરીએ ત્યારે આ મિલ્કતો આપણી નથી. સરકારની છે એ દૃષ્ટિ હોય છે માત્ર દૃષ્ટિકોણ બદલવાની જ જરૂર છે.

‘આ દેશ-રાષ્ટ્રની સંપત્તિ-તિજોરી આપણી છે.’

E-mail : sureshchandrabhatt18@gmail.com

# આસારામની લીલા સાંભળ્યા, વાંચ્યા અને જોયા પછી આ લેખના શિર્ષક ‘આસા-રામ કે રાવણ?!’ને જેટલા પણ આશ્ચર્ય ચિન્હ લગાવીએ તે ઓછા પડે!

**હળવાશની ક્ષણોમાં !**
**આસા-રામ કે રાવણ?!**
**- ચિત્રસેન શાહ**

આસારામની લીલા સાંભળ્યા, વાંચ્યા અને જોયા પછી આ લેખના શિર્ષક ‘આસા-રામ કે રાવણ?!’ને જેટલા પણ આશ્ચર્ય ચિન્હ લગાવીએ તે ઓછા પડે! આસારામની પાપલીલાઓ જોયા જાણ્યા પછી પણ તેની ધરપકડના વિરોધમાં તેના સમર્થકો હંગામો મચાવી રહ્યાં હતા! આવા લોકોને શું સમજવા? મૂર્ખ, નાનાદ કે નાસમજ? કે પછી તેઓ બધા ‘આસારામ એન્ડ કંપની’ના બોર્ડના ડાયરેક્ટર્સ હશે?!

કારણ કે આસારામને વર્લ્ડવાઇડ ફેલાયલા તેના ૪૨૫ જેટલા આશ્રમો અને ‘કુટિરો’ ની દેખરેખ રાખવા અનેક ‘શિવા’ અને ‘શિલ્પી’ઓની જરૂર પડેજ ને!

વર્ષો પહેલાં અજમેરમાં ટાંગો ચલાવતો આસુમલ પોતાના નામમાં ‘રામ’ જોડીને ‘આસારામ’ બની ગયો અને જોતજોતામાં તરી ગયો! રામના નો પથ્થરો પણ તરી જાય તે આનું નામ!

પરંતુ લોકોની યાદશક્તિ ટૂંકી હોય છે. આવા બનાવો ટૂંક સમયમાં ભૂલાઇ જાય અને ભોળા અને આસ્થાળુ લોકો ફરીથી કોઇને કોઇ ઢોંગી-ધૂતારા સાધુ-સન્યાસીની ચૂંગાલમાં ફસાય છે!

જોકે કેટલીકવાર આનાથી ઉલ્ટું પણ બને છે! ત્યારે સાચા સાધુ-સંત તરફ પણ લોકો શંકાની નજરે જુએ છે! ત્યારે સૂકા ભેગું લીલું પણ બળી જાય છે! કારણ કે સાચા કે ધૂતારા સાધુ-સંતોને ઓળખવાનો કોઇ ‘લિટમસ’ ટેસ્ટ હોતો નથી કે જે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દે! તેથી માણસે પોતાના મગજનો ઉપયોગ કરવાનો રહે! અને સામાન્ય રીતે દરેકને ‘મગજ’ હોય જ!

ઘણાને એવો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય કે આવા આસારામ જેવા લોકોનું કરવું શું? આવા સંજોગોમાં ન્યૂઝ પેપરમાં સમાચાર ઝળક્યા કે મંગળના ગ્રહ ઉપર જવા માટેનું બુકીંગ શરૂ થઇ ગયું છે! તેમાં બુકીંગ ફક્ત વન-વે બુકીંગ કરીએ છીએ! અમે મંગળ પર ફક્ત લઇ જવાની વ્યવસ્થા કરી આપશું. પાછા આવવાની કે લાવવાની અમે કોઇ ગેરંટી આપતા નથી!

આ સમાચાર વાંચી કોઇકે કહ્યું કે - ‘આસારામને મંગળ પર મોકલી દો!’ હવે મંગળ પર જવા અંગેના સમાચાર વિગતવાર વાંચીએ તો -

‘લાલ ગ્રહ મંગળ પર જવા માટે વન-વે બુકીંગમાં અમેરિકનનો પછી બીજા ક્રમે ભારતીયોએ રસ દર્શાવ્યો છે. નેધરલેન્ડની એક કંપનીએ **“MISSION MARS-I”** દ્વારા મંગળ પર ૨૦૨૩ સુધીમાં માનવ વસાહત સ્થાપવા માટે આયોજન કર્યું છે. જેમાં રસ દર્શાવનાર લોકોનું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. મંગળ પર કાયમ માટે વસવાટ કરવા માટે અમેરિકાના ૪૭૬૫૪ લોકોએ અને ભારતમાં ૨૦૭૪૭ લોકોએ રસ દર્શાવ્યો છે! સારૂં છે કે આ નેધરલેન્ડની કંપની છે જો અમેરિકાની ઓબામા સરકારની કંપની હોત તો જાહેર કરત કે ‘મંગળ પર જવા માટે નરેન્દ્ર મોદીને વીસા નહીં અપાય!’

અગાઉ જણાવ્યું છે તેમ જયારે કોઇએ કહ્યું કે ‘આસારામને મંગળ પર મોકલી દો!’ ત્યારે બીજા કોઇએ કહ્યું કે ‘મંગળ પર જીવન હોવાના પુરાવા મળ્યા છે અને ત્યાં પણ જો ‘એલિયન’ - ઇઝરાયલી જેવા હોય તો આપણા એક આસારામના જવાબમાં એ લોકો દશ આસારામને આપણે ત્યાં મોકલી દેશે!’

કારણ કે પેલેસ્ટાઇન જો એક ઇઝરાઇલી સૈનિકને મારે છે તો બીજી જ મિનિટે ઇઝરાયલ દશ પેલેસ્ટાઇનની સૈનિકોને મારી આવે છે!

આપણી જેમ વિરોધ ચાદીઓ નથી મોકલતું!

હવે **“MISSION MARS-I”** ની વાત કરીએ તો ત્યાં જવા માટે જે ભારતીયોએ બુકીંગ કરાવ્યું છે તેમાં પ્રતમ નંબરે એક ગુજરાતી બિલ્ડરનું નામ છે એવું જાણવા મળ્યું છે!

તે તેમાં **LIFE STYLES - APARTMENTS**’ ની સ્કીમ મૂકવા માગે છે!

આ અંગેની તેની જાહેરાત આ પ્રકારની હોઇ શકે છે -

● **એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ!**

**‘ઘરનું ઘર - મંગળ પર!’**

જેમને મંગળનો ‘ગ્રહ’ નડતો હશે તેમને પણ મંગળ પર ‘ઘર’ તો મળી જ શકશે! તે ઘરમાં કદાચ ગ્રહની નડતર દૂર થઇ જઇ શકે કારણ કે મંગળ ગ્રહણ છે (ભૈ, માણસ નથી!) તેથી તેને પણ શરણે આવેલાનું રક્ષણ કરવું વિ. જેવા ઉસુલ હોય!

અમારી સ્કીમ ઘરમાં રહેશો એટલે તમે ‘મંગળ’ પર ગમે ત્યાં પ્રવાસે જશો પરંતુ ઘેર પાછા આવશો ત્યારે બોલી ઉઠશો - ‘મંગળનો છેડો ઘર!’

(જેમ આપણે અહીં બોલીએ છીએ ને કે ધરતીનો છેડો ઘર! તેની જેમ જ!)

વળી મંગળ પરના અમારા ઘરમાં રહેશો એટલે તે તમારામાં સૂર્યની ‘સોલાર એનર્જી’ તેમજ ચંદ્રની શીતળતાનો અનુભવ પણ કરી શકશો! જાણએ મંગળ-સૂર્ય અને ચંદ્રનું મિલન થ્રી-ઇન-વન!

બિલ્ડર મંગળ પરની આ સ્કીમ મુકી એક કાંકરે બે પક્ષી ઉડાડવા માગે છે!

(હમણાં જ પર્યુષણ પુરા થયા છે! પક્ષીઓને પણ ‘મિચ્છામી દુક્કડમ્’ કહ્યું છે તેથી તેમને માટે ‘મારવા’ કરતાં ‘ઉડાડવા’ શબ્દ યોગ્ય લાગે છે!) અહીંની સ્કીમના ફ્લેટોનું વેચાણ અને મંગળ પરની સ્કીમનું પ્રોમોશન!

હાલ બધી જગ્યાએ હાઉસિંગ સ્કીમોમાં ભયંકર મંદી ચાલે છે. લાખો ફ્લેટો વેંચાયા વગરનાં પડ્યાં છે. તેથી તેણે એક ઉપર એક ફ્રીની સ્કીમ મૂકી છે!

ધરતી ઉપર અત્યારે તમે એક ફ્લેટ લ્યો તો ૨૦૨૩માં મંગળ પર એક ફ્લેટ ફ્રી! અહીં **3 BHK** નો ફ્લેટ લેશો તો મંગળ પર ૧.૫ **1.5 BHK** નો ફ્લેટ ફ્રી મળશે! એટલે આમ જોવા જોઇએ તો એક ઉપર એક નહીં પરંતુ એક ઉપર અડધો ફ્લેટ ફ્રી થાય!

**MBA** થયેલા માર્કેટીંગ મેનેજરોને લાખોનાં પેકેજ અમસ્તા નથી મળતાં! - આવી માર્કેટીંગ સ્ટ્રેટેજી બનાવવા માટેના મળે છે!

હવે આસારામને આવા મંગળના ગ્રહ પર મોકલવા માટે તો ૨૦૨૩ સુધી રાહ જોવી પડે! પરંતુ આસારામથી દાઝેલા લોકો ત્યાં સુધી રાહ જોવા તૈયાર થાય નહીં કારણ કે તેમને આસારામમાં રાવણનાં દર્શન થયા હોય છે! તેથી વિજયાદશમી જયારે નજીકમાં જ છે ત્યારે રાવણ દહન તો થઇ જ શકે ને?!

# સગીરા પુખ્ત ઉંમરની થતા તેની મરજી વિરૂદ્ધ નારી સંરક્ષણ ગૃહમાં રાખી શકાય નહીં, બંધારણની કલમ-૨૧ મુજબ વ્યક્તિ સ્વતંત્રતા અને મુક્તિ માટે અધિકારો છે

**વાત કાનૂન કાયદાની...**
**- અશ્વિન વી. ત્રિવેદી**

**વ્યક્તિ પુખ્ય ઉંમરની થતા જ ઈચ્છા મુજબ જીવવા સ્વતંત્ર - સુપ્રિમ કોર્ટ**

તાજેતરમાંમાં જ સુપ્રિમ કોર્ટે સગીરાના પુખ્ત ઉંમરના થતા ગેરકાયદેસર રીતે નારી સંરક્ષણમાં ગોંધી રાખવાના કેસમાં ચુકાદો આપતા જણાવ્યું હતું કે વ્યક્તિ પુખ્ય ઉંમરની થતા જ ઇચ્છા મુજબ જીવવા સ્વતંત્ર છે.

પ્રેમલગ્નના આ કિસ્સામાં સગીરાએ પોલીસ તપાસથી લઇ નીચલી કોર્ટ અને છેક હાઇકોર્ટ સુધીના તમામ તબક્કે પોતાની સાથી જનેતાની સાથે જવાનો ઇન્કાર કરેલ હતો. એટલે સુધી કે સગીરાએ હાઇકોર્ટમાં કરેલી રીવીઝન અરજીમાં હાઇકોર્ટે તેને રૂબરૂ હાજર રખાવી પુછ્છા કરી હતી. જેમાં પણ તેણીએ સ્પષ્ટ શબ્દોમાં તેની માતા સાથે જવાનો સાફ ઇન્કાર કરેલ અને પોતાના પતિ સાથે જ જવાની ઇચ્છા વ્યક્ત કરેલ સગીરા શરૂથી જ પોતાના પતિ સાથે જવામાં મક્કમ રહી હતી તેની નોંધ હાઇકોર્ટે તેના ચુકાદામાં પણ નોંધી હતી.

સુપ્રિમ કોર્ટના જ્ઞાનદેવી વિરૂદ્ધ સુપ્રિટેન્ડન્ટ નારી નિકેતન દિલ્હીના ચુકાદાથી સ્પષ્ટ જણાવ્યું છે કે કોઇ પણ વ્યક્તિ પુખ્યવય પ્રાપ્ત કરે એટલે તે તેની ઇચ્છા મુજબ ક્યાંક પણ જવા કે ફરવા સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે પુખ્ય બનેલ વ્યક્તિને કાયદાની ભાષામાં ‘સ્યુજયુરીસ’ કહેવાય અને તેથી તેની ઇચ્છા મુજબ મુજબ જયાં જવું હોય ત્યાં જવા મુક્ત છે. સુપ્રિમ કોર્ટનો આ કેસ પણ હાઇકોર્ટના હાલનાં કિસ્સા જેવો જ હતો. અરજદાર સગીરાને પણ તાત્કાલિક નારી સંરક્ષણ ગૃહમાંથી મુક્ત કરવા માંગણી કરાઇ હતી.

સગીરા પુખ્ય ઉંમરની બની જાય તો તેની એક પણ મિનિટ તેની મરજી વિરૂદ્ધ નારી સંરક્ષણ ગૃહમાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખી શકાય નહીં.

સગીરા કોઇ ગુનાની આરોપી નથી કે જેને તેની મરજી વિરૂદ્ધ નારી સંરક્ષણ ગૃહમાં ગોંધી રાખી શકાય.

હિન્દુ માઇનોરીટી એન્ડ ગાર્ડીનય એક્ટ - ૧૯૫૬ની કલમ ૬(સી) મુજબ કોઇ પણ પુરૂષ તેની પત્ની સગીર હોય તો પણ તેનો કબજો મેળવવા અધિકાર ધરાવે છે. આ જોગવાઇના આધારે પણ અરજદાર તેની ઇચ્છા મુજબ પોતાના પતિ સાથે જવા સ્વતંત્ર છે.

બંધારણની કલમ-૨૧ મુજબ પણ અરજદાર સ્વતંત્રતા અને મુક્તિ માટે અધિકારી છે.

પોલીસ પાસે સત્તા નહીં હોવા છતાં તેઓ કેવી રીતે અરજદારોને આ પ્રકારે નારી સંરક્ષણ ગૃહમાં મોકલી શકે?

નારી સંરક્ષણ ગૃહ સત્તાવાળાઓની જવાબદારી બને છે કે જે કોઇ સગીર વ્યક્તિ તેમના ત્યાં રાખી હોય તે જેની પુખ્ય બને તે તરત જ તેને તેની ઇચ્છા મુજબ જયાં જવું હોય ત્યાં જવા દેવા મુક્ત કરવા જોઇએ.

પોતાના પ્રેમી સાથે ભાગીને લગ્ન કરનાર સગીરાને પુખ્ય ઉંમરના થતા સુધી એક વર્ષ સુધી ગોંધી નારી સંરક્ષણ ગૃહમાં પોતાની મરજી વિરૂદ્ધ રહેવું પડેલ. આવા ચકચાર ભર્યા કેસમાં વટવા પોલીસે સગીરાને ગેરકાયદેસર રીતે તેની મરજી વિરૂદ્ધ નારી સંરક્ષણ ગૃહમાં મોકલી આપેલ કરૂણતા તો એ છે કે સગીરાને પોતાના પતિ સાથે જવા માટે એક વર્ષની લાંબી આંટીઘુટીમાંથી કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવું પડેલ. મેટ્રો કોર્ટે તેને પુખ્ય થયા બાદ પણ નારી ગૃહમાંથી મુક્ત ના કરતા ના.ગુજરાત હાઇકોર્ટમાં સગીરાએ અરજ ગુજારતા ના.ગુજરાત હાઇકોર્ટે તેને નારી ગૃહમાંથી મુક્ત્ કરેલ છે.

સગીરાના પતિ ઉપર સગીરાના માતાએ અપહરણ -બળાત્કાર સહિતની ફરિયાદ કરતા ના.ગુજરાત હાઇકોર્ટે પતિને જામીન મુક્ત કરેલ ત્યારબાદ કોર્ટ દ્વારા પોતાના પતિને છોડાવવા માટે મેટ્રોપીલીટન કોર્ટ, સેશન્સ કોર્ટ દ્વાર ખખડાવ્યા હતા પરંતુ નિષ્ફળતા મળતા છેવટે સગીરા ખુદ પુખ્ય ઉંમરની થતા ના. ગુજરાત હાઇકોર્ટમાં અરજ કરી પોતાને નારી ગૃહમાંથી મુક્ત કરી પતિ સાથે જવા દેવા વિનંતી કરતા ના.ગુજરાત હાઇકોર્ટે નીચલી અદાલતોના ચુકાદાને રદબાતલ ઠરાવી અરજદાર પુખ્ય ઉંમરની હોય તેની ઇચ્છા મુજબ જયાં જવું હોય ત્યાં જવા માટે સંમતિ આપેલ. કાનુની પ્રક્રિયા અને પોલીસના મનસ્વીપણાનો ભોગ કેટલીય સગીરાઓ બની હશે.

# એક સમયે બાળાઓ માટેની આ અતિ પ્રિય રમત હતી, દરેક બાળા પાસે પોતાનાં ખાસ પાંચિકા રહેતા

**પાંચીકા અથવા કુકા શેરી રમત**
**અનંત ન. વ્યાસ**

● રમતનું નામ - પાંચીકા રમવા
ખેલાડીની સંખ્યા - બે કે ત્રણ માત્ર બાળાઓ...
ખેલાડીની વયજુથ - ૮ થી ૧૨ વર્ષ
રમવાની જગ્યા - ઓરડો, ઓસરી

● રમવાની પદ્ધતિ

એક સમયે બાળાઓ માટેની આ અતિ પ્રિય રમત હતી. દરેક બાળા પાસે પોતાનાં ખાસ પાંચિકા રહેતા. આ પાંચિકા દેશી નળીયાના ટુકડાને ઘસી - ઘસી ગોળ ચપટો બનાવવામાં આવે. આજના રૂપિયાના આકાર જેવો. કોઇ કોઇ બાળા કાચની લખોટીને પણ વાપરે. ક્યારેક દરિયાકાંઠે ફરવા જતા રંગબેરંગી પથ્થરો મળે તો તેના પણ પાંચિકા થાય. પાંચિકો ગોળ હોય, ચપટો હોય અને સંખ્યા પાંચની. આજે તો નાના નાના છોકરા પણ ક્રિકેટ રમવા લાગ્યા. એટલે બહેનો માટે કોઇ રમત ન રહી. બાકી એક સમયે દોરી કુડવી. ઠીકરી ફેંકવી - ચકરડા કુદવા - પાંચિકા રમવા - ઇત્યાદિ ખાસ રમતો બાળાઓ રમતી. પાંચિકાની રમતમાં દસ પ્રકારના દાવ હોય છે તેમ સાંભળેલું. તપાસ કરતાં માત્ર પાંચ - પ્રકારના દાવ અંગે આધારભૂત માહિતી મળે છે આજે છ દાયકા વિતાવી ગયેલી મહિલાઓને પણ પાંચિકાના દાવ યાદ નથી.

સૌ પ્રથમ જો બે ખેલાડી હોય તો સામે સામે બેસે. અને ચત-બઠ (કિંગ-ક્રોસ) કરી વારો નક્કી કરે - ત્રણ હોય તો પાકે - આમ કરવાનો ક્રમ નક્કી થાય.

● દાવ : ૧

દાવ લેનાર બાળા પોતાના પાંચિકા અવળો હોય હાથ રાખી. હથેળીમાં ગોઠવે. પાંચે પાંચિકા ગોઠવાય પછી પાંચિકાને હવામાં ઉછાળે. પાંચિકા હવામાં હોય ત્યાં સુધીમાં હાથ અવળા કરી. હથેળીના બદલે - પહોંચા પર. પાંચિકાને ઝીલે. જો ત્રણ પાંચિકા અવળા હાથ પર ઝીલાય તો દાવ ચાલુ રહે. ત્રણ કરતાં ઓછા જો હોય તો વારો જાય.

માનો કે ત્રણ ચાર કે પાંચે પાંચ પાંચિકા અવળા હાથ પર ઝીલાય ત્યારબાદ પંજા પર જીલાયેલા પાંચિકા પાછા ઉછાળવાના અને સવળા હાથે હથેળીમાં તે જીલવાના. જો એક પણ પાંચિકો ન ઝીલાય તો દાવ જાય. માનો કે ત્રણમાંથી બે પાંચિકા ઝીલાયા તો તેને બે મર્ક મળે. અને તેનો વારો પ્રથમ દાવનો પુરો થાય - તેજ ક્રમે અન્ય રમનારના માર્ક નક્કી થાય. ત્યાર પછી બીજો દાવ શરૂ થાય.

● દાવ : ૨

‘બીજા દાવમાં દાવ લેનાર એક પાંચિકાને અંગૂઠા તથા પેલી આંગળી વડે પકડી. અન્ય ચારને હથેળીમાં રાખે.’

પકડેલો પાંચિકો હવામાં ઉછાળે, સાથોસાથ હથેળીમાં રાખેલા ચારે પાંચિકા જમીન પર મુકે. હવે પછી તે પોતાની પાસેનો પાંચિકો ઉછાળતી જાય ને સાથે સાથે જમીન પર પડેલામાંથી એક - એક પાંચિકો વીણતી જાય. આમ કરવામાં જો બીજો પાંચિકો હલી જાય તો દાવ જાય. જમીન પર પડેલામાંથી જેટલા પાંચિકા વીણી શકે તેટલાં માર્ક મશે. પણ દાવ દરમિયાન ઉછાળેલો પાંચિકો જમીન પર ન પડવો જોઇએ.

● દાવ : ૩

આ દાવમાં બીજા દાવ પ્રમાણે એક પાંચિકો ઉછાળવાનો પણ જમીન પર મુકાયેલા પાંચિકામાંથી બબ્બે જોડ સાથે વીણવાની. એટલે પાંચિકા જમીન પર મુકવાનો ખ્યાલ રાખવો જોઇએ. જો પાંચિકા દૂર પડે તો બબ્બે એકઠા ન થાય. સાવ નજીક પડે તો બીજા પાંચિકા હલી જાય. એટલે કુશળતા પૂર્વક પાંચિકા ગોઠવી ને વીણી લે. જો સફળતા પૂર્વક પાંચિકા વિણાય જાય તો ચાર માર્ક મળે. એક જોડી વિણાય તો બે માર્ક મળે.

● દાવ : ૪

આ દાવમાં ચારેચાર પાંચિકોન જમીન પર મુકી પછી ચારે-ચારને સાથે ઉપાડવામાં આવે છે. ચારે પાંચિકા સાથે ઉપાડાય અને ઉછાળેલો પાંચિકો પાછો ઝીલાય તો એ પાંચ માર્ક મેળવે.

● દાવ : ૫

આમાં ચાર પાંચિકા જમીન ગોઠવી. ઉછાળેલો પાંચિકો હવામાં હોય ત્યાં સુધીમાં પાંચિકા એકઠા કરવાના. તેને મુઠ્ઠીમાં લઇ મુઠ્ઠી જમીન પર પછાડી પાછા પાંચિકા મુકવાના આમ બે વખત કરવાનું. આ માટે છેલ્લો ‘શબ્દ’ બાળાઓ વાપરે છે.

પછીના દાવમાં જમીન પર મુકાતા પાંચિકાની સંખ્યા ઘટતી જાય તથા હવામાં પ્રથમ એક - પછી સાથે બે - ત્રણ ઉછાળી - ઉછાયેલા તમામને ઝીલવાના હોય છે. સાથે સાથે વીણવાનું કાર્ય સંપન્ન કરવાનું પણ હોય.

પાંચિકા ઝીલવામાં માત્ર એક હાથનો જ ઉપયોગ કરવો પડે છે. જો કે બે ત્રણ પાંચિકા હવામાં ઉછળવા વખતે ઝીલવાનું કાર્ય ભારે મુશ્કેલ બને છે. બાળાઓ આ રમત થકી શક્તિ ચાપલ્ય અને એકાગ્રતા કેળવે છે.